ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 22nd September, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.....,
ભાવનગર.

ગ્રામ્ય વિસ્તારના ધોરણ ૮ થી ૧૨ના વિદ્યાર્થીઓ જીલ્લા કક્ષાની નેશનલ રૂરલ આઈ.ટી. ક્વીઝ - ૨૦૨૦માં ૨૭ સપ્ટેમ્બર સુધી Online રજીસ્ટ્રેશન કરી શકશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

ભારત દેશના શાળાઓના વિદ્યાર્થીઓમાં રહેલા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણને ખીલવવા જીલ્લા કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્ર કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું વર્ષ દરમ્યાન આયોજન કરવામાં આવે છે. પ્રતિ વર્ષ ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં રહેલ ઇન્ફોર્મેશન અને ટેક્નોલોજી વિષયના જ્ઞાનને બહાર લાવવાના હેતુથી ટાટા કન્સલ્ટન્સી સર્વિસ અને વિજ્ઞાન વિભાગ, કર્ણાટકના સંયુક્ત ઉપક્રમે દેશભરના ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે નેશનલ રૂરલ આઈ.ટી. ક્વીઝનું વિવિધ સ્તરે આયોજન કરવામાં આવે છે. જેમાં આજનો વિદ્યાર્થી આવતીકાલના દેશનો વૈજ્ઞાનિક ઢબે વિકાસ કરી શકે એવા હેતુ સહ ભાવનગર જીલ્લામાં GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સંકલન કરવામાં આવે છે.

જેના ભાગ રૂપે આ વર્ષે કોરોના મહામારીને કારણે જીલ્લા અને રાજ્ય કક્ષાની ઇન્ફોર્મેશન અને ટેક્નોલોજી વિષય પર આધારિત નેશનલ રૂરલ આઈ.ટી. ક્વીઝ - ૨૦૨૦ Online માધ્યમથી યોજવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે નીચે આપેલ સૂચનાઓને અનુસરવાનું રહેશે.

- ક્વીઝ અંગેની અગત્યની સુચના:

ક્વિઝમાં ધોરણ ૮ થી ૧૨ના ગ્રામ્ય વિસ્તારના જ વિદ્યાર્થીઓ વ્યક્તિગત રીતે ભાગ લઇ શકશે.

- એક શાળામાંથી વધારેમાં વધારે ૪ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે.
- ક્વિઝની ભાષા અંગ્રેજી રહેશે.
- ક્વીઝમાં **OMR** અને 3 થી ૫ શબ્દોમાં જવાબ લખવાના રહેશે.
- ક્વિઝનો સમય ૧૦ મીનીટનો રહેશે.

ભાગ લેનાર વિદ્યાર્થીને ક્વિઝની લિંક **GUJCOST** દ્વારા આપને **Email** ના માધ્યમથી મોકલવામાં આવશે. ક્વિઝમાં જોડાવા માટે ૨૭/૦૯/૨૦૨૦ સુધીમાં **https://forms.gle/bz9CaaDt7B14cGvT9** પર પોતાના નામની નોંધણી કરવાની રહેશે. વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : **8866570111** પર સંપર્ક કરી શકાશે.

22/09/2020
6:45PM

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.